Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com



॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર Mo- 9016924808 સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 44,(SURAT), DATE-23/04/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૪૪, (સુરત), તા.૨૩/૦૪/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલઘરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 રંગમતી નદી ઉંડી-પહોળી કરવાના કામનું પુનાની કન્સલ્ટન્ટ ટીમે કર્યું સ્થળ નિરીક્ષણ

3 બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ ૨૦૦૬ અંતર્ગત તાપી જિલ્લા જાહેર જનતા જોગ

4 બોરસરા પાટિયા નજીક બાઇક અને રાહદારી વચ્ચે અથડામણ, બંને ઘાયલ

## રાઇટ ટુ એજયુકેશનઃRTEમાં રિજેક્ટ થયેલા ફોર્મ ફરી ૨૧ થી ૨૩ એપ્રિલ દરમિયાન ભરી અરજદારો પુનઃ એપ્લાઇ કરી શકશે

### રાઇટ ટુ એજયુકેશન હેઠળ પોતાના બાળકોને શાળામાં પ્રવેશ અપાવવા ઇચ્છતા વાલીઓને વધુ એક તક

બારડોલી- RTE એક્ટ હેઠળ ધોરણ ૧માં પ્રવેશ મેળવવા માટે રજિસ્ટ્રેશનની છેલ્લી તારીખ ૧૫મી એપ્રિલ હતી. ત્યારબાદ ચકાસણી હાથ ધરવામાં આવી હતી. જિલ્લા કક્ષાએ કેટલીક અરજીઓ રિજેક્ટ કરવામાં આવી છે. જે અરજદારોએ ફરી ૨૧થી ૨૩ એપ્રિલ દરમિયાન રિજેક્ટ થયેલ ડોક્યુમેન્ટ ફરી અપલોડ કરી એપ્લિકેશન સબિમીટ કરી શકશે.

ગુજરાત સરકાર દ્વારા ધ રાઇટ ઓફ ચીલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કંપલ્સરી એજયુકેશન એક્ટ હેઠળ બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫% બેઠક ઉપર ગરીબ અને જરૂરિયાત વાળા બાળકોને ધોરણ ૧ માં મફત પ્રવેશ આપવાની યોજના છે. RTE ( રાઇટ ટુ એજયુકેશન ) હેઠળ પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૫ મી એપ્રિલ હતી.

આ દરમિયાન સુરત જિલ્લામાં કુલ ૮૩૩૨ ફોર્મ ભરાયા છે. જેની સામે ૪૭૫૨ ફોર્મ મંજૂર કરી દેવામાં આવ્યા છે. જયારે ૬૦૩ ફોર્મ રિજેક્ટ થયા છે. ૨૯૭૭ ફોર્મને અમાન્ય કરવામાં આવ્યા હતાં. જેને ધ્યાને લઈ જે અરજજદારોની ઓનલાઈન અરજી રિજેક્ટ થયેલ અરજીઓમાં જો કોઈ જરૂરિયાત મુજબના ડોક્ટુમેન્ટ અપલોડ કરવા માંગતા હોય તો અપલોડ કરી પોતાની એપ્લિકેશન સબમીટ કરી શકશે. જે અંગેની જાણ અરજદારને જખજ દ્વારા




કરવામાં આવેલ છે.

આરટીઆઇ હેઠળ કરવામાં આવેલી રિજેક્ટ થયેલ અરજીને પુનઃ ચકાસણી જિલ્લા કક્ષાએ ૨૧-૪-૨૦૨૫ થી ૨૪-૪-૨૦૨૫ દરમિયાન કરવામાં આવશે. અરજદારે rte.orpgujarat.com પર જઈ એપ્લિકેશન નંબર અને જન્મ તારકી દાખલ કરી રિક્રેજક્ટ અરજી ફ્રીથી અરજી કરી શકશે. જે અરજદારો આ સમયગાળા દરમિયાન પોતાની રિજેક્ટ થયેલ અરજીમાં કોઈ સુધારો કરવા ન માંગતા હોય તો તેઓની અરજી અમાન્ય રાખી નિયમ અનુસાર આરટીઈ પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. પ્રવેશ પ્રક્રિયાનો પ્રથમ રાઉન્ડ ૨૮-૪-૨૦૨૫ને સોમવારના રોજ જાહેર કરવામાં આવશે.




## આપઘાત કે અકસ્માતને કારણે મોત?:બારડોલીમાં એપાર્ટમેન્ટ પરથી પટકાતા ચલથાણના યુવકનું મોત

બારડોલી- સુરત જિલ્લાના બારડોલી શહેરમાં એક ચકચારી ભર્યો બનાવ સામે આવ્યો છે. શાસ્ત્રી રોડ પર આવેલા શિવ શક્તિ એપાર્ટમેન્ટ પરથી એક યુવક ઉપરથી નીચે પડ્યો હતો. આ ઘટનામાં યુવકનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું.

પ્રાથમિક માહિતી અનુસાર, મૃતક યુવક ચલથાણનો રહેવાસી હતો અને પ્લાસ્ટિક વણવાનું કામ કરતો હતો. યુવક ઉપરથી નીચે પડ્યો હતો.ગંભીર ઇજાઓ થતા મોતને ભેટ્યો હતો. ઘટનાની જાણ થતાં જ બારડોલી ટાઉન પોલીસ તુરંત ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.




પોલીસે મૃતદેહનો કબજો લઈ આગળની કાર્યવાહી શરૂ કરી છે. આ ઘટના આપઘાત છે કે આકસ્મિક મોત છે તે અંગે પોલીસ તપાસ કરી રહી છે. પોલીસે મૃતકના પરિવારજનોનો સંપર્ક કરવાની કાર્યવાહી હાથ ધરી છે. ઘટનાની જાણ થતાં આસપાસના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં લોકો ઘટના સ્થળે એકઠા થઈ ગયા હતા. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે.

## જમ્મુ કાશ્મીરમાં ફસાયેલા ગુજરાતીઓ માટે બારડોલીનો યુવાન બન્યો તારણહાર

**બનાસકાંઠા, મહેસાણા અને ગાંધીનગર સહિત ગુજરાતના ૩૦ થી વધુ યાત્રાળુઓ પણ પહેલગામ નજીક ફસાઈ ગયા હતા.**

બારડોલી- તાજેતરમાં જમ્મુ કાશ્મીરના રામબન જિલ્લામાં વાદળ ફાટવાની દુર્ઘટનાને પગલે અનેક વિસ્તારોમાં પૂર અને માર્ગો બંધ થવાથી સેંકડો પ્રવાસીઓ ફસાયા હતા. જેમાં બનાસકાંઠા, મહેસાણા અને ગાંધીનગર સહિત ગુજરાતના ૩૦ થી વધુ યાત્રાળુઓ પણ પહેલગામ નજીક ફસાઇ ગયા હતા. આવા સમયે બારડોલીનો એક યુવાન તેમની મદદે આવ્યો હતો. બારડોલીના વતની અને ટુરિસ્ટ પ્લાનર તરીકે કાર્યરત વિરેન્દ્રસિંગ રાજપુતને ફસાયેલા ગુજરાતી પ્રવાસીઓ દ્વારા સંપર્ક કરવામાં આવતા તેઓ તાત્કાલિક તેમની મદદે પહોંચ્યા હતા.

કાશ્મીરના ભૌગોલિક પરિસ્થિતિ અને આંતરિક માર્ગોથી સુપરિચિત વિરેન્દ્રસિંગે ફસાયેલા પ્રવાસીઓ માટે વૈકલ્પિક માર્ગ શોધ્યો હતો. તેમણે તમામ યાત્રાળુઓને રામબનથી અનંતનાગ સુધી લોકલ ટ્રેન દ્વારા અને ત્યાંથી સંબલ માર્ગે બસ દ્વારા સુરક્ષિત રીતે જમ્મુ રેલ્વે સ્ટેશન સુધી પહોચાડવાની વ્યવસ્થા કરી હતી. માનવતાના ધોરણે, વિરેન્દ્રસિંગે લોકલ ટ્રેનની ટિકિટનો ખર્ચ પણ જાતે ઉઠાવ્યો હતો. જયાં મુખ્ય માર્ગો આગામી દિવસો સુધી ખુલવાની શક્યતા ન હતી ત્યારે બારડોલીના યુવકે મદદ કરી હતી.

## તાપમાન ૪૦ ડિગ્રી સુધી પહોચ્યું, બપોરે રસ્તાઓ સૂમસામ



**બારડોલી-** સુરત જિલ્લામાં ગરમીનું મોજું ફરી એકવાર જોવા મળ્યું છે. આજે સુરત ગ્રામ્ય વિસ્તારમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે.

જિલ્લાના ઓલપાડ, કામરેજ, બારડોલી, માંડવી અને માંગરોળ સહિતના તાલુકાઓમાં પણ તાપમાનનો પારો ૪૦ ડિગ્રી સુધી પહોચી ગયો છે. આકરી ગરમીના કારણે લોકો પરસેવે રેબઝેબ થઇ ગયા છે.

ગરમીના કારણે બપોરના સમયે રસ્તાઓ પર જનજીવન ઘટી ગયું છે. મોટાભાગના રસ્તાઓ સૂમસામ જોવા મળી રહ્યા છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આવનારા દિવસોમાં તાપમાનમાં વધારો થવાની શક્યતા છે.

### બારડોલીમાં એક દેશ, એક ચૂંટણી અંગે પરિસંવાદઃ

## ધારાસભ્ય ઈશ્વર પરમારે બાબેન ગામમાં યુવાનો સાથે કર્યો સંવાદ



**બારડોલી-** બારડોલી તાલુકાના બાબેન ગામમાં એક દેશ, એક ચૂંટણી અંતર્ગત એક મહત્વપૂર્ણ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બારડોલી વિધાનસભાના ધારાસભ્ય અને પૂર્વ કેબિનેટ મંત્રી ઈશ્વર પરમારે યુવાનો સાથે સંવાદ સાધ્યો હતો.

કાર્યક્રમમાં સુરત જિલ્લા ભાજપના પ્રમુખ ભરતભાઈ રાઠોડ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત જિલ્લા ભાજપના નેતા જગદીશ પારેખ, ભાવેશ બાબેન અને રાજેશ પટેલ સહિતના અન્ય ભાજપના નેતાઓએ પણ કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ તકે નેતાઓએ એક દેશ, એક ચૂંટણીની વિભાવના અંગે ઉપસ્થિત લોકોને વિસ્તૃત માહિતી આપી હતી.

## તાપી જિલ્લામાં સી.આર. પાટીલનો પ્રવાસઃઉચ્છલ, સોનગઢ અને વ્યારામાં જળસંચય અને કાર્યાલય લોકાર્પણના કાર્યક્રમો યોજાયા

તાપી (વ્યારા)- ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલે તાપી જિલ્લાની મુલાકાત લીધી. તેમણે ત્રણ મહત્વપૂર્ણ સ્થળોએ વિવિધ કાર્યક્રમોમાં ભાગ લીધો.

ઉચ્છલમાં તેમણે ધારાસભ્યના કાર્યાલયનું લોકાર્પણ કર્યું. આ સાથે જળસંચય કાર્યોનો શુભારંભ પણ કરાવ્યો. સોનગઢના બાલકૃષ્ણ ટેક્સટાઇલ પાર્ક ખાતે વોટર હાર્વેસ્ટિંગ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. સ્થાનિક આગેવાનોએ તેમનું વિશેષ સન્માન કર્યું.


વ્યારામાં જિલ્લા ભાજપના મધ્યસ્થ કાર્યાલયના નવા બાંધકામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આ પછી યોજાયેલી જાહેરસભામાં તેમણે કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું. સી.આર. પાટીલે જળસંચયના





મહત્વ વિશે વિસ્તૃત માહિતી આપી.

કાર્યક્રમમાં મંત્રી કુંવરજી હળપતિ અને મુકેશ પટેલની વિશેષ ઉપસ્થિતિ રહી. જિલ્લાના ભાજપના હોદ્દેદારો અને ધારાસભ્યો પણ આ પ્રસંગે હાજર રહ્યા.



Date-23/04/2025 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## કાકરાપાર જમણાકાંઠા નહેરમાં જામેલી લીલને કારણે સિંચાઈનું પાણી નહી મળતાં

# ઓલપાડનાં ખેડૂતોએ તંત્રની રાહ જોયા વિના નહેરમાં ઉતરી લીલની સફાઈ કરાઈ





**ઓલપાડ-** કાકરાપાર જમણાં કાંઠા નહેરમાં કાંઠાના છેવાડાના ગામોમાં સિંચાઈનું પાણી બરબોધન માઇનોર, બરબોધન ટુવાર, પિંજરત શેલુડ ફાંટા, ભાંડૂત માઈનોર જેવી નહેરોના ફોટા દ્વારા કાંઠાના ખેડૂતોને આ સિંચાઈનું પાણી પિયત માટે મળે છે. પરંતુ, ના નહેરમાં જામેલી શેવાળ અને ઊગી નીકળેલી જંગલી વનસ્પતિને કારણે આ નહેરોમાં પાણી ન આવતા ખેડૂતોને સિંચાઈનું પાણી મળતું ન હતું. જેને કારણે ખેડૂતોનો ડાંગર, શેરડી, શાકભાજી જેવા પાકો સુકાતાં ગતરોજ સેગવા છામાં ગામની મુખ્ય નહેરમાં જામેલી લીલને ઓલપાડના ૨૫ થી ૩૦ ખેડૂતો દ્વારા નહેરમાં ઉતરી સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

ઓલપાડ તાલુકામાં કાકરાપાર જમણાં કાંઠા નહેરમાં ઘણાં સમયથી ઓલપાડના કાંઠાના છેવાડાના ગામના ખેડૂતોને નહેરનું સિંચાઈનું પાણી રોટેશન પ્રમાણે ન મળતાં ઓલપાડના ખેડૂતો દ્વારા નહેરખાતાના અધિકારીને વારંવાર લેખિત તેમજ મૌખિક ફરિયાદો કરવામાં આવી હતી. તેમ છતાં પણ સિંચાઈનું પાણી ન મળતા કાંઠાના ખેડૂતો દ્વારા બનાવવામાં આવતો પાક ડાંગર, શેરડી તેમજ શાકભાજીના પાકોને પાણી ન મળવાને લઈને પાકો સુકાઈ જતાં હતા. આપી, અંતે નહેર ખાતાના સરકારી ભાભુઓની લાલિયાવાડીથી કંટાળી રાન, દિહેણ, પિંજરત વગેરે ગામોમાંથી ૨૫ થી વધુ ખેડૂતો એકત્ર થઈ સેગવા છામાં ગામે આવેલ નહેરના ઊંડા પાણીમાં ઉતરી નહેરમાં જામેલ લીલ (સેવાડ) તેમજ જંગલી વનસ્પતિઓની સાફસફાઈ કરવામાં આવી હતી. અને આ સાફ-સફાઈવેળાએ ખેડૂત એકતા પો ઝીંદાબાદ, નહેરખાતુ મુરદાબાદના સુત્રોચ્ચાર પણ ખેડૂતોં દ્વારા કરવામાં આવ્યા હતા. ઓલપાડ કાકરાપાર જમણાં કાંઠા નહેરમાં કાંઠાના છેવાડાના ગામોમાં સિંચાઈનું પાણી ભરબોધન માઇનોર, બરબોધન ટુવાર, પિંજરત સેલુડ ફાંટા, ભાંડૂત માઇનોર જેવી નોરોના ફાંટા દ્વારા કાંઠાના ખેડૂતોને આ સિંચાઈનું પાણી પિયત માટે મળે છે. પરંતુ, તેમા જામેલી લીલ અને જંગલી વનસ્પતિને કારણે ખેડૂતોને સિંચાઈનું પાણી ન મળતા ખેડૂતોનો આ ડાંગર, શેરડી, શાકભાજી જેવા પાકો સુકાઈ જતા હતા. આથી, ખેડૂતો દ્વારા જાત મહેનત જિંદાબાદના નારા સાથે જાતે જ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી

# બારડોલીમાં વેપારીના ખાતામાંથી કોઈ ટ્રાન્ઝેક્શન વિના ૭૯૮૦૦ ઉપડી ગયા




**પોતાના દ્વારા કોઈ પણ ટ્રાન્ઝેક્શન કરવામાં આવ્યું ન હોવા છતાં ખાતામાંથી મોટી રકમ ઉપડી જતાં કુલદીપભાઈએ હેલ્પલાઈન નંબર પર ફરિયાદ નોધાવી હતી.**

બારડોલી- બારડોલી તાલુકાના તેન ગામમાં મેડિકલના વ્યવસાય સાથે સંકળાયેલા એક યુવકના બેંક ખાતામાંથી અજાણ્યા ઇસમોએ ટેકનોલોજીનો ઉપયોગ કરીને કોઈ પણ ટ્રાન્ઝેક્શન કર્યા વગર રૂપિયા ૭૯૮૦૦ ટ્રાન્સફર કરી લીધા હોવાનો કિસ્સો સામે આવ્યો છે. આ મામલે યુવકે બારડોલી ટાઉન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

બારડોલીના તેન ગામમાં આવેલ સનસિટી સોસાયટીમાં રહેતા કુલદીપભાઈ હસ્તીમલ શાહ પર ગત ૨૩ મી માર્ચના રોજ મિત્ર રવિભાઈ ચોવટીયાનો ફોન આવ્યો હતો. અને તેમને રૂપિયા ૨૦૦૦૦ ચૂકવવાના હોવાથી કુલદીપભાઇ શાહે ગૂગલ પે મારફતે તેમને નાણા ટ્રાન્સફર કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પાસવર્ડ ખોટો બતાવી રહ્યો હતો. ત્યારબાદ તેઓ ઘરે પરત આવી ગયા હતા. ઘરે આવીને તેમણે પોતાના બેંક ખાતાનું બેલેન્સ ચેક કરતાં તેમને મોટો આંચકો લાગ્યો હતો. તેમના ખાતામાંથી કુલ રૂપિયા ૭૯૮૦૦ કપાઈ ગયા હતા. તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે આ રકમ રાહુલ મોરે નામના વ્યક્તિના ખાતામાં રૂપિયા ૨૯૮૦૦ અને રાહુલ ખેમાણી નામના વ્યક્તિના ખાતામાં રૂપિયા ૫૦૦૦૦ એમ બે ભાગમાં ટ્રાન્સફર થઈ ગઈ હતી.

પોતાના દ્વારા કોઈ પણ ટ્રાન્ઝેક્શન કરવામાં આવ્યું ન હોવા છતાં ખાતામાંથી મોટી રકમ ઉપડી જતાં કુલદીપભાઈએ હેલ્પલાઈન નંબર પર ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ, સોમવારના રોજ તેમણે આ અંગે બારડોલી ટાઉન પોલીસ મથકમાં વિધિવત ફરિયાદ નોંધાવી હતી.

## 33 સરકારી કચેરીઓમાં પેપરલેસ કામકાજ પર ભાર

વ્યારા- તાપી જિલ્લાના સેવા સદનમાં શનિવારે જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ. કલેક્ટર ડો. વિપિન ગર્ગ અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. જિલ્લા વિકાસ અધિકારી રામનિવાસ બુગાલિયા, વિવિધ વિભાગોના અધિકારીઓ અને સંકલન સમિતિના સભ્યો હાજર રહ્યા હતા.

બેઠકમાં વિવિધ વિભાગોના પ્રશ્નો અંગે ચર્ચા થઈ. સાથે પદાધિકારીઓએ રજૂ કરેલા મુદ્દાઓ પર કલેક્ટરે વિસ્તૃત ચર્ચા કરી. ઉકેલ માટે જરૂરી દિશાનિર્દેશ આપ્યા. રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિ હાજર રહી શક્યા ન હોતા પણ તેમણે મોકલેલા પ્રશ્નો બેઠકમાં રજૂ કરાયા. પેન્શનની વિગતો અને એજી ઓડિટ પાર જેવા મુદ્દાઓ પર પણ ચર્ચા થઈ. કલેક્ટરે તમામ અધિકારીઓને પત્રવ્યવહાર માટે ઈ-સરકાર દ્વારા પેપરલેસ એડમિનિસ્ટ્રેશન અપનાવાની સૂચના આપી.

તાપી જિલ્લામાં હાલ 33 કચેરીઓ પેપરલેસ પત્રવ્યવહાર કરી રહી છે. બેઠકમાં પ્રાયોજના અધિકારી, ડી.આર.ડી.એ નિયામક, પુરવઠા અધિકારી, મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ સહિત વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ અને સંકલન સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા.

# જિલ્લા સેવા સદનમાં જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ



**તાપી-** તાપી જિલ્લા સંકલન સમિતિની આજરોજ શનિવારે કલેક્ટરશ્રી ડો.વિપિન ગર્ગના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી રામનિવાસ બુગલીયા સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ તથા સંકલન સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક દરમિયાન કલેક્ટરશ્રીએ પદાધિકારીઓ દ્વરા સમિતિ સમક્ષ રજૂ થયેલા સંબંધિત વિભાગોના પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા કરી અને ઉકેલ માટે જરૂરી દિશાનિર્દેશ આપ્યા હતા.

રાજયમંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિ હાજર ન રહી શકે તેમ હોવાથી તેમણે મોકલેલા પ્રશ્નો બેઠકમાં રજુ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત પેન્શનની વિગતો, એજી ઓડીટ પાર જેવી અન્ય ચર્ચા કરવામાં આવી હતી. અધ્યક્ષસ્થાને કલેકટરશ્રીએ તમામ અધિકારીઓને પત્રવ્યવહાર માટે પેપરલેસ એડમિનિસ્ટ્રેશન માટે ઈ-સરકાર દ્વારા કામ કરવાની સુચના આપી હતી. તાપી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હાલમાં કુલ 33 કચેરીઓ દ્વારા સંપૂર્ણ પેપરલેસ પત્રવ્યવહાર થઈ રહ્યો છે.

આ બેઠકમાં પ્રાયોજના અધિકારીશ્રી, ડી.આર.ડી.એ નિયામક, પુરવઠા અધિકારી, મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ સહિત વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ - કર્મચારીઓ અને સંકલન સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉચ્છલ - નિઝર સ્ટેટ હાઇવે ઉપર ૩૯.૩૦ કરોડના ખર્ચે બનનારા બ્રિજનું ખાતમુહૂર્ત



કુકરમુંડા- તાપીના નિઝર તાલુકામાં ઉચ્છલ - નિઝર સ્ટેટ હાઈવે નંબર ૮૦ ઉપર માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ) અંતર્ગત અંદાજિત રૂપિયા ૩૯.૩૦ કરોડથી પણ વધુના ખર્ચે ૧૦ મેજર/માઇનોર બ્રિજનું નવનિર્માણ થનાર છે. આ સ્ટેટ હાઇવે પર કરોડોના ખર્ચે નવનિર્માણ થનાર મેજર/માઇનોર બ્રિજનું ગત રોજ ૧૭૨ - નિઝર વિધાનસભાના ધારાસભ્ય ડો. જયરામભાઈ ગામીતના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

જેમાં તાપી જિલ્લા પંચાયતના પ્રમુખ જાલમસિંગ વસાવા, જિલ્લા પંચાયતના સભ્ય સોનલબેન પાડવી, જિલ્લાના ભાજપા મહામંત્રી સુહાગભાઈ પાડવી, નિઝર તા. પં. પ્રમુખ મેહુલભાઈ પાડવી, સાયલા ગ્રુપ ગ્રામ પંચાયત સરપંચ દાસુભાઈ વસાવા સહીત અધિકારી, પદાઅધિકારી, સરપંચો, ગામના આગેવાનો સહીતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

નિઝર તાલુકામાં સ્ટેટ હાઇવે ઉપર ૩૫.૪ કિલોમીટર લંબાઈમાં મૌજે રૂમકીતલાવ, સાયલા, હાથનુર, રાયગઢ, ખોડદા -૧ અને ખોડદા -૨, વેલદા, હરદુલી તથા વેલદા અને નિઝર ગામની વચ્ચેનો બ્રિજ મળીને કુલ ૧૦ જેટલાં સાંકડા બ્રિજ છે.

આ બ્રિજનું બાંધકામ વર્ષ ૧૯૬૦થી ૧૯૭૦ દરમ્યાન કરવામાં આવેલ છે. જે બ્રિજ સાંકડા હોવાના કારણે વાહન - વ્યવહાર પર પ્રતિકૂળ અસર પડે છે. જેના લીધે માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ) અંતર્ગત ૩૯.૩૦ કરોડથી પણ વધુના ખર્ચે હયાત બ્રિજના સ્થાને નવા તથા પહોળા બ્રિજ બનાવવા મંજૂરી આપી છે. નિઝર તાલુકામાં સ્ટેટ હાઇવે ઉપરના સાંકડા બ્રિજની સ્થાને નવા અને પહોળા બ્રિજ બનતા અકસ્માતના બનાવોમાં પણ ઘટાડો થશે. તેમજ સ્ટેટ હાઇવે પરથી પસાર થતા સ્થાનિકો સહીત આંતર રાજય તરફ જનાર કે આવનાર વાહન વ્યવહાર માટે સરળતા રહેશે.

# જીલ્લામાં ગરમીને કારણે હીટવેવની સંભાવના સામે સાવચેતી પગલા અંગે બેઠક યોજવામાં આવી

## કાયદો અને વ્યવથા તેમજ રોડ સેફ્ટી જેવા મુદ્દાઓ અંગે કલેકટર સભાખંડમાં બેઠક યોજવામાં આવી



**તાપી-**જિલ્લા સેવા સદન વ્યારામાં આજરોજ હીટવેવ સંભાવના, કાયદો અને વ્યવસ્થા તેમજ રોડ સેફ્ટી જેવા મુદ્દાઓ માટે જે તે બાબતોના નોડલ અધિકારીઓ સાથે બેઠક યોજવામાં આવી હતી. આ તમામ બેઠકો કલેકટરશ્રી ડો.વિપિન ગર્ગના અધ્યક્ષસ્થાને યોજાઈ હતો. હીટવેવ નોડલ અધિકારી અને જિલ્લા આરોગ્ય અધિકારીએ હીટવેવ એક્શન પ્લાનની કેવા સંજોગોમાં અમલવારી કરવી તે અંગે સમજુતી આપી હતી. જિલ્લાના અધિકારીઓએ ઉનાળા દરમિયાન સરકારી કચેરીમાં આવનાર નાગરિકોને પાણી તથા શેડની વ્યવસ્થા સુનિશ્ચિત થાય તે દિશામાં કાર્ય કરવા અધિકારીઓને સુચન આપ્યું હતું. જાહેર સ્થળોએ પીવાના પાણી, રેસ્ટીંગ શેડ, મેડીસીન, ઓ.આર.એસ જેવી પ્રાથમિક જરૂરિયાતની વસ્તુઓનું પ્રોવિઝન કરવા જણાવ્યું હતું.

સેવાભાવી સંસ્થાઓ, એન.જી.ઓ વગેરે છાશ, લીંબુ પાણીનું વિતરણ કરે, ડી.જી.વી.સી.એલ દ્વારા વીજળીની સેવા યથાવત રહે તે સુનીશ્ચિત કરે, તેમજ જી.એસ.આર.ટી.સી મુસાફરોને પરિવહનમાં અગવડતા ન પડે તથા પ્રાથમિક જરૂરિયાત પૂરી પડી શકે તેવી વ્યવસ્થા કરવા અધિક નિવાસી કલેકટરશ્રી આર.આર. બોરડે જણાવ્યું હતું. નોડલ અધિકારીશ્રીએ ગ્રામ્ય વિસ્તારોમાં ઘરની દીવાલો સફેદ રાખવા અને ધાબા ગરમ ન થાય તેની સાવચેતી લેવા જાગૃતિ લાવવી જોઈએ આ અંગે જણાવ્યું હતું. શહેરી વિસ્તારોમાં આગ અને દુર્ઘટના ન થાય તે માટે તમામ પ્રકારની સુવિધા ઉભી કરવી જોઈએ, વલનરેબલ સમૂહો, બાંધકામ કરતા વર્કર્સ, નાના બાળકો અને મહિલાઓને હીટવેવથી બચવા આરોગ્ય વિભાગ તેમજ પી.એચ.સી અને અર્બન હેલ્થ સેન્ટર ખાસ તકેદારી રાખવા અમલવારી કરે. હોસ્પીટલમાં હીટવેવની અસર થયેલ હોય તેવા દર્દી માટે બેડ ખાલી રાખવાની ચર્ચા કરવામાં આવી હતી.

નગરપાલિકાને સાર્વજનિક સ્થળો, કામચલાઉ શેલ્ટર પર ગરમીના પ્રકોપથી બચી શકાય તેવી વ્યવસ્થા કરવા નિર્દેશ કરવામાં આવ્યો હતો. હીટવેવ સામે સાવચેતી રાખવા અંગે નીબેઠક સાથે સાથે કાયદો અને વ્યવસ્થા તેમજ રોડ સેફ્ટીની બેઠક કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી રામનિવાસ બુગાલીયા, પ્રાયોજના અધિકારીશ્રી જયંત રાઠોડ, મુખ્ય આરોગ્ય અધિકારી, આયોજન અધિકારી એઆરટીઓ તેમજ અન્ય અધિકારીઓ હાજર રહ્યા હતા.

# રંગમતી નદી ઉંડી-પહોળી કરવાના કામનું પુનાની કન્સલ્ટન્ટ ટીમે કર્યું સ્થળ નિરીક્ષણ



જામનગરની રંગમતી નદીને ઉંડી ઉતારવા અને પહોળી કરવાનું કામ મહાનગરપાલિકાના નેજા હેઠળ વિવિધ સંસ્થાઓના સહયોગથી શરૂ કરવામાં આવ્યું છે. જામનગર મહાનગરપાલિકા દ્વારા દરેડ ગામના ખોડિયાર મંદિરથી કાલાવડના નાકા સુધી રંગમતી નદી સુજલામ સુફલામ અન્વયે ઉંડી ઉતારવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

ત્યારે તેનું નિરીક્ષણ કરવા ગઈકાલે પુનાથી કન્સલ્ટન્ટની ટીમ જામનગર આવી પહોંચી હતી અને દરેડના ખોડિયાર મંદિર અને લાલપુર બાયપાસ સુધી સ્થળ નિરીક્ષણ કરી ડેટા તૈયાર કર્યો હતો. આ સમયે જામનગર મહાનગરપાલિકાના ઈજનેર રાજીવ જાની અને તેની ટીમ પણ સાથે જોડાઈ હતી.

## વ્યારા નગરપાલિકામાં દબાણ હટાવ મુદ્દે વિવાદ

# ક્લોથ સ્ટોરની કેબિન હટાવવા ગયેલી ટીમ અને ભાજપના નગરસેવકો વચ્ચે ઘર્ષણ



**નગરસેવકોની રજૂઆત અને દુકાનદારોની લેખિત બાંહેધરી બાદ પાલિકાની ટીમ સ્થળ પરથી પરત ફરી હતી. આ ઘટના અંગે ચીફ ઓફિસર અને ટાઉન પ્લાનર બંનેએ ફોન રિસીવ કર્યો ન હતો.**

તાપી (વ્યારા)- વ્યારા નગરના બજાર વિસ્તારમાં આવેલી મીના ક્લોથ સ્ટોરની કેબિન હટાવવાનો મામલો ચર્ચાનો વિષય બન્યો છે. નગરપાલિકાની ટીમ દબાણ હટાવવા પહોંચી હતી, પરંતુ ભાજપના નગરસેવકોએ વિરોધ નોંધાવ્યો હતો.

ભાજપના નગરસેવક પરેશ મીઠાવાળા અને અન્ય આગેવાનોએ દબાણ હટાવવાની કામગીરી રોકવા માટે રજૂઆત કરી હતી. તેમણે જણાવ્યું કે આ મામલે બે દિવસ બાદ હિયરિંગ હોવાથી હાલ દબાણ ન હટાવવામાં આવે.

નગરસેવકોની રજૂઆત અને દુકાનદારોની લેખિત બાંહેધરી બાદ પાલિકાની ટીમ સ્થળ પરથી પરત ફરી હતી. આ ઘટના અંગે ચીફ ઓફિસર અને ટાઉન પ્લાનર બંનેએ ફોન રિસીવ કર્યો ન હતો.

નગરપાલિકાના હુકમ મુજબ, વ્યારાનાં અપના બજારની સામે આવેલી મીના ક્લોથ સ્ટોરની કેબિન ૨૨ એપ્રિલ ૨૦૨૫ના રોજ સવારે ૯ વાગ્યા સુધીમાં દૂર કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. જેના માલિક શંકરલાલ દાનાજીભાઈ પરિયારને નિર્ધારિત સમય પહેલાં કેબિન અને માલસામાન હટાવવા જણાવવામાં આવ્યું છે. જો તેઓ આમ નહીં કરે તો, નગરપાલિકા તેમના ખર્ચે દબાણ હટાવશે અને તમામ ખર્ચ તેમની પાસેથી વસૂલ કરવામાં આવશે.

# ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ........



તંત્રી–
હિમાંશુસિંહ ઠાકોર

### પૃથ્વીના પટ પરથી ગરીબીની નાબૂદી ! સ્વપ્ન સિદ્ધ થશે કે રોળાઈ જશે?

પૃથ્વીના પટ પરથી ગરીબીની સમસ્યા ભૂંસી શકાશે ખરી ? ટેકનોલોજીના ક્ષેત્રે જગત આજે અભૂતપૂર્વ હરણફાળ ભરી રહ્યું છે, ત્યારે માનવજાતિને આદિકાળથી પારાવાર પીડા આપતી ગરીબી દૂર કરી શકાશે ખરી ? કોઈને કદાચ આ શેખચલ્લીનો વિચાર લાગે, તો કદાચ કોઈને અશક્ય સ્વપ્ન લાગે, પણ હકીકત એ છે કે જો માનવજાત સંકલ્પ કરે અને એને સિદ્ધ કરવા પુરુષાર્થ આદરે તો એ આત્યંતિક ગરીબીમાં જીવતા માનવીઓને વધુ સારુ જીવન આપી શકે તેમ છે. આમ જોઈએ તો યુનાઈટેડ નેશન્સે ૨૦૩૦ માં દુનિયામાંથી આત્યંતિક ગરીબી દૂર કરવાની વાત કરી હતી. આજે વિશ્વના સિરિયા, ઝિમ્બાબ્વે, મડાગાસ્કર, નાઈજિરિયા, સુરિનામ, દક્ષિણ સુદાન, બુરુન્ડી, કોંગો જેવા દેશો એવી ભયાવહ ગરીબીના ઓથાર હેઠળ જીવે છે કે જ્યાં ટેકનોલોજીના આ ચમત્કારિક જગતમાં એમને અન્ન, કપડાં, અસ્વચ્છ પાણી, પોષણનો અભાવ, બેકારી, દુષ્કાળ, ઓછું ઉત્પાદન વગેરે કારણોને લીધે અત્યંત દુઃખદ રીતે જીવવું પડે છે અને આ અભાવની તીવ્રતા એટલી બધી હોય છે કે એમને મૃત્યુ જીવવા કરતાં વધુ મીઠું લાગે છે !

સંત હોય તો એ ગરીબ માનવીની કથા કહે, સમાજસેવક હોય તે સમાજમાં ગરીબોની સહાય માટે દોડે, રાજકારણી હોય તો તે 'ગરીબી હટાવો'નું સૂત્ર આપીને મતપ્રાપ્તિ કરે, ગરીબોને લાભદાયી યોજનાઓ જાહેર કરે. આમ છતાં આ ધરતીના પટ પરથી આત્યંતિક ગરીબી નાબૂદ થઈ શકી નથી. ભારતની પંચવર્ષીય યોજનાઓમાં ગરીબીને પ્રાધાન્ય આપવામાં આવ્યું, પરંતુ હજી કરોડોની સંખ્યામાં ગરીબો દેશમાં જોવા મળે છે. ભારતના ગ્રામીણ ક્ષેત્રના કુટુંબોને આકાશિયા ખેતી કરવી પડતી હોય, સિંચાઈની સગવડ ન હોય, ખેતમજૂરી કરતા હોય અને એક હેક્ટરથી ઓછી જમીન હોય, પણ એની ઉત્પન્નમાંથી આખા કુટુંબનો નિર્વાહ કરવો હોય ત્યાં આવી કારમી ગરીબી જોવા મળે છે અને આવા ગરીબ ખેડૂતો આત્મહત્યાનો આશરો લેતા હોય છે.

મહાનગરોમાં પણ આ ગરીબી છે, ઝૂંપડાંઓ છે, માત્ર એટલું જ કે અહીં સાવ ભૂખે મરવાનો વારો આવતો નથી, પણ મહાનગરની કલ્પનાથી દોડી આવેલા લોકોના જીવનની દશા આપણા હૃદયને હચમચાવે તેવી હોય છે ! આ સમયે મને ઈન્ડોનેશિયાના પ્રવાસનો એક પ્રસંગ યાદ આવે છે. ઈન્ડોનેશિયાના પ્રવાસ પૂર્વે મેં એવાં ચિત્રો જોયાં હતાં કે જ્યાં ડાંગરના ખેતરમાં સ્ત્રી-પુરુષો નીચા વળીને સરસ રીતે કામ કરતા હોય અને મધુર ગીતો ગાતા હોય, પરંતુ જ્યારે એની વાસ્તવિક્તા જોઈ ત્યારે દિલમાં ઊંડો આઘાત થયો. આ ખેતરોમાં કામ કરતા લોકો કાળઝાળ ગરમીમાં કલાકો સુધી વાંકા વળીને બીજ વાવવાં, વીડ ખેંચવા, જીવાતનું ધ્યાન રાખવું અને અનાજની લણણી કરવી જેવાં કામો કરતાં હતા. વળી ડાંગરના ખેતરને પાણી વધુ જોઈએ, ત્યારે પાણી પહોંચાડતા હતા અને એમને માથે મેલેરિયા અને બીજા ચેપી રોગોનો ભય સતત ઝળૂંબતો હતો. મેં કલ્પેલી સૌંદર્યભરી રમણી સૃષ્ટિ એકાએક અલોપ થઈ ગઈ ! ગરીબી એ પૃથ્વી પરનો માનવજાતનો અભિશાપ છે અને એને કારણે કેટકેટલા ભેદો અને ભિન્નતાઓએ મનુષ્યજાતિને તહસ-નહસ કરી નાખી છે. ગરીબ અને અમીર વચ્ચેનો ભેદ તમે કઈ રીતે પાડી શકો ? એક સમયે સામ્રાજ્યવાદને કારણે ઈંગ્લેન્ડ, ફ્રાન્સ, પોર્ટુગલ, જર્મની, નેધરલેન્ડ્સ જેવા દેશોએ ૧૮મી સદીમાં પરાજિત દેશોનું શોષણ કર્યું. ભારત પણ એમાંથી બાકાત નહોતું અને એ પરાજિત દેશમાંથી બને એટલું ધન ઢસડી લાવવું એ આ સામ્રાજ્યોની નીતિ હતી.

વિકાસશીલ અને વિકસિત દેશો વચ્ચે ગરીબીમાં ભેદ હોય છે, પણ કેટલાક લોકોની કપડાં કે મકાન જેવી જરૂરિયાતો વિકસિત દેશોમાં પણ સંતોષાતી નથી. અમેરિકા અને યુરોપના વિકસિત દેશોમાં પણ આજે ગરીબી પ્રવર્તે છે, પરંતુ એશિયા અને આફ્રિકાના દેશોમાં રોટી, કપડાં અને મકાનનો પ્રશ્ન મૂંઝવતો હોય છે. અહીં જીવન ટકાવવા માટે વલખાં મારવાં પડતાં હોય છે. ગરીબ અને અમીર વચ્ચે ધનસંપત્તિ અને ભૌતિક ચીજવસ્તુઓનો તફાવત હોય છે, તો પછી ગરીબ અને બિનગરીબ વચ્ચેનાં તફાવતનો માપદંડ શું ? એનો માપદંડ માણસના શરીરને કેટલી કેલરીની જરૂર પડે છે, તેના પરથી આંકવામાં આવે છે. જોકે દરેક પ્રજાને માટે એની ઊંચાઈ, વજન, કામનો પ્રકાર, જાતિ, આબોહવા વગેરેને આધારે કેલેરીનું જૂદું જૂદું પ્રમાણ નક્કી કરવામાં આવે છે.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે
● પ–સિટર ● ૭–સિટર ●





સંપર્ક– અનિલભાઈ મો.97242 60058




સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431
બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ– ૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

## મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાનમાં નવતર પ્રયોગઃગાંધીનગરમાં યોગ કોચ દ્વારા યોગ-ગરબાનું આયોજન, મહિલાઓમાં ઉત્સાહ

ગાંધીનગર- ગુજરાત સરકારના 'મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાન અંતર્ગત ગાંધીનગરમાં એક અનોખો પ્રયોગ થઈ રહ્યો છે. યોગ અને ગરબાનું સંયોજન કરીને લોકોને આરોગ્યપ્રદ વ્યાયામ તરફ આકર્ષવામાં આવી રહ્યા છે. સેક્ટર-૨૫ ગાંધીનગર ખાતે યોગ કોચ પ્રજ્ઞા ગોર દ્વારા યોગ-ગરબાનું માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. તેમના જણાવ્યા મુજબ, ગરબા રમતી વખતે યોગની અનેક મુદ્રાઓ આપોઆપ થાય છે. હાથતાળી વખતે યોગ્ય રીતે શ્વાસ લેવા-મૂકવાથી યોગની ક્રિયા પણ થાય છે.

આ પ્રયોગની સફળતા એક ઉદાહરણથી સમજી શકાય છે. એક જેઠાભાઈ જે યોગ કે કસરતના નામે જ પીછેહઠ કરતા હતા, તેમને ગરબા દ્વારા વ્યાયામ કરાવવામાં આવ્યો. તેઓ દોઢ કલાક સુધી ઉત્સાહથી ગરબે રમ્યા અને કોઈ થાક અનુભવ્યો નહીં. ગુજરાતીઓ સામાન્ય રીતે ત્રણ-ચાર કલાક સુધી આનંદથી ગરબે રમે છે. આ રમતમાં યોગનું સંયોજન કરવાથી તે મેદસ્વિતા ઘટાડવામાં વધુ અસરકારક બની શકે છે. આજની તણાવભરી જીવનશૈલીમાં યોગ-ગરબા માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય માટે ખૂબ લાભદાયી સાબિત થઈ રહ્યા છે.

ખાસ કરીને મહિલાઓમાં આ કાર્યક્રમ પ્રત્યે વધુ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. યોગ કોચ દ્વારા તેમને વિશેષ માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. આ રીતે પરંપરાગત ગરબા અને યોગનું સંયોજન મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાનને નવી દિશા આપી રહ્યું છે.



## ૯૦૦ મણથી વધુ કેરી ઠલવાઈ: નવસારીના માર્કેટયાર્ડમાં કેસરનો મણનો ભાવ ૨૧૨૦ સુધી બોલાયો



નવસારી- નવસારીના માર્કેટયાર્ડમાં વર્તમાન સીઝનમાં પ્રથમવાર કેરીનો મોટો જથ્થો ઠલવાયો હતો, જેમાં કેસરનો મણનો ભાવ ૨૧૨૦ રૂપિયા સુધી બોલાયો હતો. નવસારી પંથકમાં મુખ્યપાક ગણાતા કેરીનો પાક ચાલુ સાલ આંબા ઉપર પ્રમાણમાં ઓછો ઉતર્યાનું દેખાઈ રહ્યું છે. અહીંની કેરીઓ વેચાણ માટે નવસારી એપીએમસીના મોરારજી દેસાઈ માર્કેટયાર્ડમાં હરાજી માટે આવતી રહી છે.

આમ તો છેલ્લા બે ત્રણ દિવસથી માર્કેટયાર્ડમાં કેરી આવી રહી હતી પણ રવિવારે સીઝનમાં પ્રથમવાર સારો જથ્થો આવ્યો હતો. કુલ ૯૧૪ મન કેરી આવી હતી. જે ભાવ હરાજીમાં બોલાયા તેમાં કેસરનો ૨૦ કિલોનો ભાવ ૧૨૬૦થી ૨૧૬૦ રૂપિયા સુધી હતો. આ ઉપરાંત દશેરીનો ૮૦૫થી ૧૧૧૦ અને લંગડાનો ભાવ ૯૨૫ થી ૧૪૦૫ રૂપિયા રહ્યો હતો.

## પલસાણાની મહિલાને દહેજ માટે ત્રાસઃમુંબઈમાં રહેતા પતિ સહિત ૬ સામે FIR, મહિલાને બાળકોથી અલગ કરી ઘરમાંથી કાઢી મૂકી



પલસાણા- મુંબઈના મુંબરા વિસ્તારમાં દહેજની માગણીને લઈને પલસાણાની એક મહિલા સાથે થયેલા દુર્વ્યવહારનો કિસ્સો સામે આવ્યો છે. ૩૨ વર્ષીય બુશરા બેગમે તેના પતિ અને સાસરિયાં સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, બુશરા બેગમના પતિ મોહમ્મદ અકીલખાન, સાસુ શાહજહાબેગમ, જેઠ જલીલખાન, જેઠાણી અક્તરજહા, દિયર કમીલ અને નણંદ શકીનાબેગમે ભેગા મળીને તેમને શારીરિક અને માનસિક ત્રાસ આપ્યો હતો. આરોપીઓએ દહેજની માગણી કરીને મહિલાને હેરાન પરેશાન કરી અને મારઝૂડ કરી હતી.

૨૦ મે ૨૦૨૪ ના રોજ આરોપીઓએ ફરિયાદીના બાળકોને તેમની પાસેથી છીનવી લીધા હતા. તેમને ઘસડીને ઘરમાંથી બહાર કાઢી મૂક્યા હતા. એટલુંજ નહીં, ફરિયાદીના પિતાને વોટ્સએપ કોલ કરીને અપશબ્દો કહ્યા હતા.

આ મામલે સુરતી ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં IPC કલમ ૪૯ ૮ (અ), ૫૦૪, ૧૧૪ અને દહેજ પ્રતિબંધક ધારા કલમ-૪ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. હાલમાં મહિલા સુરતના પલસાણા તાલુકાના બલેશ્વર ગામમાં રહે છે. કેસની તપાસ મહિલા પોલીસ સ્ટેશનના મનિષાબેન નરેશભાઈ કરી રહ્યા છે.

## બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ ૨૦૦૬ અંતર્ગત તાપી જિલ્લા જાહેર જનતા જોગ

**બાળ લગ્ન થતા અટકાવવા માટે ફોન નં. ૦૨૬૨૬-૨૨૨૨૦૩, ચાઈલ્ડ હેલ્પલાઈન- ૧૦૯૮ પર જાણ કરી શકાશે**



**તાપી**-તા.૨૧ હિંદુ પરંપરા મુજબ આગામી ૩૦/૦૪/૨૦૨૫ ના રોજ અક્ષયતૃતિયા એટલે કે અખાત્રિજનો તહેવાર હોઈ આ તહેવાર નિમિત્તે મોટા પ્રમાણમાં બાળલગ્ન થતા હોય છે. જેથી બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ ૨૦૦૬ અંતર્ગત તાપી જિલ્લાની જાહેર જનતાને જણાવવાનું કે વ્યારા સહિત તાપી જિલ્લાના કોઈ પણ વિસ્તાર ગામ કે ફળિયામાં જો કોઈ બાળલગ્નનું આયોજન કરેલ હોય, કે બાળલગ્ન કરતાં હોય તો આપ જાહેર જનતા તે અંગેની માહિતી આપવા બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા રામાજ સુરક્ષા અધિકારી શ્રી એલ.બી.પટેલ સંપર્ક નંબર ૯૭૨૪૨૬૯૩૮૦ પ્રોબેશન ઓફિસર શ્રી એસ.એન.વસાવા સંપર્ક નંબર ૯૯૯૮૨૪૬૨૦૭ તથા જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રી વી. બી. રાઠોડ સંપર્ક નંબર ૯૭૨૬૦૦૬૩૨૭ પર સીધો સંપર્ક કરી માહિતી આપી શકો છો. જેથી તાત્કાલિક બાળલગ્ન થતા અટકાવી શકાય અથવા સંબંધિત વ્યક્તિઓ પર જરૂરી કાર્યવાહી કરી શકાય.

નોંધનીય છે કે, હિંદુ પરંપરા મુજબ અક્ષયતૃતિયા એટલે કે અખાત્રિજ નિમિત્તે મોટા પ્રમાણમાં બાળલગ્ન થતા હોય છે. બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ ૨૦૦૬ અંતર્ગત જો સ્ત્રી બાળકના ૧૮ વર્ષ પૂર્ણ કર્યા પહેલા અને પુરુષ બાળકના ૨૧ વર્ષ પૂર્ણ કર્યા પહેલા જો લગ્ન કરાવવામાં આવે તો તેવા લગ્ન આ અધિનિયમ અંતર્ગત બાળલગ્ન ગણાય છે. અને બિન જામીનપાત્ર ગુનો બને છે. તેમજ આવા બાળલગ્ન કરાવે, સંચાલન કરે, સુચના આપે, પ્રોત્સાહન આપે અથવા મદદગારી કરે, કે ભાગ લે, તે દરેક વ્યક્તિઓ આ અધિનિયમની કલમ ૯, ૧૦ અને ૧૧ (૧).(૨) અન્વયે ૨ વર્ષની સખત કેદની સજા અને રૂ.૧ લાખ સુધીનો દંડ થઇ શકે છે.

વધુમાં બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, બ્લોક નં.૪, ભોંયતળિયે, જિલ્લા સેવા સદન, પાનવાડી, વ્યારા જિ.તાપી ફોન નં. ૦૨૬૨૬-૨૨૨૨૧૦ અને જિલ્લા બાળ સુરક્ષા એકમ, બ્લોક નં. ૫, જિલ્લા સેવા સદન, પાનવાડી, વ્યારા જિ.તાપી ફોન નં. ૦૨૬૨૬-૨૨૨૨૦૩, ચાઈલ્ડ હેલ્પલાઈન - ૧૦૯૮ પર પણ જાણ કરી શકાશે.એમ જિલ્લા બાળ સુરક્ષા અધિકારી તાપી-વ્યારાની અખબારી યાદીમાં જણાવાયું છે.

## વિપક્ષનું લોહી ચાખી ગયેલા ભાજપને ફરી સળવળાટ, પેટા ચૂંટણી પહેલા ચાર-પાંચ ધારાસભ્યો કરશે પક્ષપલટો!



ગુજરાતમાં વિસાવદર અને કડી વિધાનસભા મતવિસ્તારની પેટા ચૂંટણીઓ આવી રહી છે ત્યારે સાધારી પાર્ટીને બેઠકો ગુમાવવાનો ડર લાગી રહ્યો છે તેથી પાર્ટીના નેતાઓએ ફરી એકવાર કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના બાકી બચેલા ધારાસભ્યો પર નજર દોડાવી છે. પક્ષાંતર કરાવવાની ભાજપને હવે આદત પડતી જાય છે.

વિધાનસભામાં કોંગ્રેસ પાસે ૧૨ અને આમ આદમી પાર્ટી પાસે ૪ ધારાસભ્યો છે. પાર્ટીના ગેમપ્લાન પ્રમાણે પેટાચૂંટણી આવતાં સુધીમાં વિપક્ષના ૪થી ૫ ધારાસભ્યોને પક્ષપલટો કરાવવા માગે છે. પોતાના બળ ઉપર જીતવાની શક્તિ રહી નહીં હોવાનું ફલિત થઈ રહ્યું છે તેથી પાર્ટીના સિનિયર નેતાઓ પારકાંને પોતાના બનાવે છે.

નોંધનીય છે કે, ભૂપત ભાયાણીએ રાજીનામું આપી દેતાં વિસાવદરમાં બેઠક ખાલી પડી હતી. તેમજ કરશન સોલંકીના નિધનના કારણે કડી વિધાનસભા બેઠક ખાલી પડી હતી. જોકે, આમ આદમી પાર્ટી તરફથી વિસાવદર બેઠક પરથી પહેલાંથી જ ઉમેદવાર જાહેર કરી દેવામાં આવ્યા છે. વિસાવદર બેઠક પરથી ગોપાલ ઈટાલિયા પેટા ચૂંટણી લડશે. જ્યારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે વિસાવદર અને કડી વિધાનસભાની પેટા ચૂંટણીમાં આમ આદમી પાર્ટી સાથે ગઠબંધન નહીં કરવાની જાહેરાત કરી હતી. કોંગ્રેસ પણ ખૂબ જ જલ્દી કડી અને વિસાવદર પેટા ચૂંટણી માટે પોતાના ઉમેદવારની જાહેરાત કરશે.

## તાપી જિલ્લામાં શાળાઓમાં પરિપત્રના આધારે ધાર્મિક પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ

વ્યારા- તાપી જિલ્લા કલેક્ટર દ્વારા ચોક્કસ ધર્મને લઈ શાળામાં પ્રવૃતિ નહીં કરાવવા બાબતે કરવામાં આવેલ પરિપત્ર મુદ્દે જિલ્લામાં ચર્ચાએ જોર પકડ્યું છે. આ બાબતે પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા દરેક પ્રાથમિક શાળાઓમાં તપાસ શરૂ કરી દીધી છે.

તાપી જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા અધિક કલેક્ટર દ્વારા ફળવાયેલ પરિપત્રમાં શાળામાં ચાલતી ધાર્મિક પ્રવૃતિ અંગે તપાસ શરૂ કરી દેવામાં આવી છે, અગાઉ આ બાબતે ડોલવણ તાલુકાના હરીપુરા ગામે શાળામાં આવેલ ઈસાઈ સમુદાયના પ્રાર્થના ઘર બાબતે ફરિયાદ ઉઠી હતી.જે બાબતે તપાસ કરતા શાળામાં પહેલા પ્રાર્થના ઘરનું નિર્માણ થયું હોવાનું તપાસમાં બહાર આવ્યું હોવાનું શિક્ષણ અધિકારીએ જણાવ્યું હતું

જયારે કેટલીક શાળામાં કરાવવામાં આવતી પ્રાર્થના બાબતે ધોરણ બેના શિક્ષક આવૃતિમાં પ્રાર્થના હોવાનું તપાસમાં બહાર આવ્યો હોવાનું પ્રાથમિક શિક્ષણ અધિકારીએ જણાવ્યુ હતું. તેમણે વધુમાં જણાવ્યું કે તાપી જિલ્લા અધિક કલેક્ટર દ્વારા ફળવાયેલ પત્રમાં જિલ્લામાં આવેલ શાળામાં શિક્ષકો જો ધર્માંતરણ અંગે કોઈ કામ કરશે તો તેમના વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે એમ જણાવ્યુ હતું.

કલેક્ટર દ્વારા જે પત્ર પાઠવવા આવ્યો છે. એમાં શાળા કક્ષાએ કોઈ પણ પ્રકારની ધર્માંતરણની પ્રવૃતિઓ પરોક્ષ અને પ્રત્યક્ષ રીતે કરવામાં ન આવે એ માટે કડક સૂચના આપવામાં આવી છે. શાળાના જે કેમ્પસ છે એમાં કોઈ પણ પ્રકારના કોઈપણ ધર્મને લઈને કોઈ ઈમારત બનાવવામાં આવે એ માટે પણ સૂચના આપવામાં આવી છે .

Date-23/04/2025 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## પલસાણાના ઘલુડા ગામ નજીક સ્ટેટ મોનિટરિંગ સેલની મોટી કાર્યવાહી:કલકત્તાથી લોખંડના પાઈપની આડમાં લવાયો હતો ૬૭ કિલો ગાંજો, ૨૭ લાખનો મુદ્દામાલ જપ્ત



પલસાણા- સુરત જિલ્લાના પલસાણા તાલુકાના ઘલુડા ગામ નજીકથી સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે મોટી કાર્યવાહી કરી છે. ટીમે એક ટ્રકમાંથી ગાંજાનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે.

પકડાયેલા આરોપીઓની પૂછપરછમાં જાણવા મળ્યું કે, કલકત્તાથી વિશાલ નામના વ્યક્તિએ ગાંજાનો જથ્થો ભરાવ્યો હતો. આ ગાંજો અમરેલીના રાહિલ ગંડારીયા નામના શખ્સે મંગાવ્યો હતો. ટ્રક ચાલક અને ક્લીનર કલકત્તા ટ્રાન્સપોર્ટનો માલ ખાલી કરવા ગયા હતા. તેઓ રિટર્નમાં લોખંડના પાઈપ ભરીને આવવાના હતા, પરંતુ લોખંડના પાઈપની આડમાં ગાંજાનો જથ્થો છુપાવીને લાવી રહ્યા હતા.

એસએમસીની ટીમે ૬.૫૦ લાખથી વધુની કિંમતનો ૬૭ કિલોથી વધુ ગાંજો જપ્ત કર્યો છે. ટ્રક અને અન્ય મુદ્દામાલ મળી કુલ ૨૭ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. પોલીસે ટ્રક ચાલક, ક્લીનર અને ટ્રક માલિકની અટકાયત કરી છે. તમામ આરોપીઓ અને જપ્ત કરાયેલો મુદ્દામાલ ગાંધીનગર ખાતે એસએમસીની કચેરીએ લઈ જવામાં આવ્યો છે.

## માનવ કલ્યાણ યોજના હેઠળ નાના વ્યવસાયો માટે મફત સાધન સહાય:૧૦ વ્યવસાયો માટે e-kutir.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરી શકાશે

**બારડોલી-** રાજય સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ માટે માનવ કલ્યાણ યોજના અંતર્ગત નવી પહેલ શરૂ કરવામાં આવી છે. આ યોજના હેઠળ સમાજના નબળા વર્ગના લોકોને નાના વ્યવસાયો શરૂ કરવા માટે વિનામૂલ્યે સાધન-ઓજાર આપવામાં આવશે.

યોજનામાં અથાણા બનાવટ, ઇલેક્ટ્રિક એપ્લાયન્સીસ રીપેરીંગ, દૂધ-દહીં વેચાણ, પંચર કીટ, પાપડ બનાવટ, પ્લમ્બિંગ, બ્યુટી પાર્લર, ભરતકામ, વાહન સર્વિસીંગ અને સેન્ટીંગ કામ જેવા વ્યવસાયો માટે સહાય આપવામાં આવશે.

અરજદારોએ https://e-kutir.gujarat.gov.in પોર્ટલ પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. નજીકના CSC સેન્ટર પરથી પણ અરજી કરી શકાશે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા અમલમાં મુકાયેલી આ યોજના સંપૂર્ણપણે નિ:શુલ્ક છે.

સુરત જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજરે સ્પષ્ટતા કરી છે કે આ યોજના માટે કોઈ એજન્ટ, દલાલ કે અનધિકૃત વ્યક્તિને અરજી પ્રક્રિયામાં સામેલ કરવામાં આવ્યા નથી.

## બારડોલી વિસ્તારમાં બંધ મકાનને ટાર્ગેટ કરી નકુચો તોડી ઘરફોડ ચોરી કરી આંતક મચાવતી

## ચીકલીગર ગેગના આરોપીને દબોચી ચોરીના કામે ઉપયોગમાં લિધેલ સાધનો સાથે કિ.રૂ.૧,૩૨,૭૯૦ નો મુદ્દામાલ કબ્જે કરી બારડોલી ટાઉન પો.સ્ટે.માં નોધાયેલ ઘરફોડ ચોરીના ગુનાને ગણતરીના દિવસોમાં ભેદ ઉકેલી કાઢતી બારડોલી ટાઉન પોલીસ

**બારડોલી-** પોલીસ મહાનિરીક્ષક પ્રેમવિરસીંગ સુરત વિભાગ નાઓની રાહબરી હેઠળ નાયબ પોલીસ મહાનિરીક્ષક હિતેષ જોયસર સુરત ગ્રામ્ય નાઓએ સુરત ગ્રામ્ય જીલ્લામાં મિલક્ત સબંધી તથા શરીર સબંધી વણશોધાયેલ ગંભીર ગુનાઓ શોધી કાઢવા સારુ સુચના આપવામાં આવેલ હોય જે અન્વયે વિભાગીય પોલીસ અધિક્ષક એચ.એલ. રાઠોડ બારડોલી ડીવીજન સુરત ગ્રામ્ય નાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેકટર વી.એ. દેસાઈ બારડોલી ટાઉન પો.સ્ટે. નાઓએ સુચના અને માર્ગદર્શન આપેલ.

બારડોલી શાસ્ત્રી રોડ મોતીનગર સોસાયટી ઘર નં.૦૬ માં રાત્રીના સમયે અજાણ્યા ચોર ઇસમોએ બારડોલી મોતીનગર ખાતે આવેલ ફરીયાદીના સસરાના મકાનના દરવાજાના નકુચા તોડી અંદર પ્રવેશ કરી રૂમમાં મુકેલ લોખંડના કબાટમાથી સોનાનુ મંગલ સુત્ર આશરે બે તોલાનુ કિ રૂ.૭૦,૦૦૦ તથા રોકડા રુપિયા ૧૦,૦૦૦ મળી કુલ્લે રૂપિયા ૮૦,૦૦૦ ના મતાની ઘરફોડ ચોરી કરી નાશી ગયેલ જે બાબતે બારડોલી ટાઉન પોલીસ સ્ટેશન ગુ.ર. મુજબનો વણશોધાયેલ ઘરફોડ ચોરીનો ગુનો નોધાયેલ.



આમ ઉપરોક્ત ઘરફોડ ચોરીનો ગુનો વણશોધાયેલ હોય જે અનુસંધાને પોલીસ ઈન્સપેક્ટર વી.એ. દેસાઈ નાઓએ બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનમાં નોધાયેલ વણશોધાયેલ ઘરફોડ ચોરીના ગુનાઓ શોધી કાઢવા માટે ચોક્ક્શ એક્સન પ્લાન બનાવી, સદર ગુનામાં સંડોવાયેલ અજાણ્યા ચોર ઈસમો તથા ચોરીમાં ગયેલ મુદ્દામાલ શોધી કાઢવા માટે બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનનાં પોલીસ અધિકારીઓ તથા પોલીસ માણસોની અલગ-અલગ ટીમો બનાવી એક્સન પ્લાન મુજબ અંગત હ્યુમન ઇન્ટેલીજન્સ તથા ટેક્નીકલ ઇન્ટેલીજન્સ દ્વારા તપાસ કરી, ચોક્કસ દીશામાં વર્કઆઉટ ચાલુ કરી અલગ-અલગ ટીમો દ્વારા શંકાસ્પદ ઇસમો, તથા આ પ્રકારની એમ.ઓ. ધરાવતા અગાઉ પકડાયેલ આરોપીઓની પુછપરછ કરવામાં આવેલ તેમજ ગુનાવાળી જગ્યાના રૂટ આજુબાજુના તથા રેલ્વે સ્ટેશન તથા બસ સ્ટેશનના સી.સી.ટી.વી ફુટેજ ચકાસણીની કાર્યવાહી હાથ ધરેલ. જેમાં તપાસમાં રહેલ ટીમને અંગત હ્યુમન ઇન્ટેલીજન્સ તથા ટેક્નીકલ ઇન્ટેલીજન્સ વર્ક આઉટના આધારે તથા અંગત બાતમીદારો થકી એ. એસ. આઈ. મહેન્દ્રભાઈ શનાભાઈ તથા અ.હે.કો. રમેશભાઈ કાળુભાઈ નાઓને સંયુક્ત રાહે બાતમી હકીક્ત મળેલ કે, એક મો.સા. ચાલક બાબેન વિસ્તારમાં આંટાફેરા કરે છે અને જે ઈસમ દિવસમાં સોસાયટીઓમાં મકાનોની રેકી કરી રાત્રીના ચોરી કરવા માટે આવે છે અને જે ઈસમે હાલમાં પંદર દિવસ પહેલા બારડોલી ટાઉનમાં મોતીનગર સોસાયટીમાં બંધ મકાનમાં ચોરી કરેલ છે. અને જે ઈસમ મો. સા. ઉપર હાલમાં નંદીગ્રામ સોસાયટીની આજુબાજુ ફરે છે અને જેણે શરીરે રેડ કલરનુ ટુકી બાયનું ટી-શર્ટ પહેરેલ છે અને કમ્મરમાં કાળા કલરનું નાઈટ પેન્ટ પહેરેલ છે . તેવી ચોક્ક્સ બાતમી હકીક્ત મળેલ હોય જે બાતમી હકીક્તવાળી જગ્યાએ જઈ બાતમી હકીક્ત વર્ણનવાળો ઇસમ નામે પરબતસીંગ દીલીપસીંગ મુન્સીસીંગ શીકલીગર ઉ.વ.આ.૩૫, રહે. ઘર નં ૨૫૫, સારથી ટાઉનશીપ તાતીથૈયા, કડોદરા, તા.પલસાણા, જિ.સુરત મૂળ રહે. નંદુરબાર એક્તાનગર, નલવા રોડ, તા.જી. નંદુરબાર (મહારાષ્ટ્ર) નાને મો.સા સાથે પકડી પાડી તેના મોટર સાઇક્લ સાથે લગાવેલ થેલામાં ઘરફોડ ચોરીના સાધનો મળી આવેલ જે બાબતે જીણવટ ભરી પૂછપરછ કરતા તેણે જણાવેલ કે, તે હાલમાં સોસાયટીઓમા બંધ મકાનોની રેકી કરવા માટે આવેલ હોવાનુ જણાવી અને બંધ મકાનનું ટાર્ગેટ કરી રાત્રીના સમયે ચોરી કરવા માટે આવતો હોવાનું જણાવેલ અને પોતે આજથી આશરે પંદરેક દિવસ પહેલા બારડોલી ટાઉનમા આવેલ મોતીનગર સોસાયટીમાં આવેલ એક બંધ ઘરમા ઘરફોડ ચોરી કરેલ હોવાની કબુલાત કરતા તપાસ દરમ્યાન નિચે મુજબનો ચોરીનો મુદ્દામાલ મળી આવેલ છે.

૧. સોનાનુ મંગળસુત્ર કુલ, કિ.રૂ.૭૦,૦૦૦, ૨. આરોપીઓના મોબાઈલ કુલ નંગ-૦૨ કુલ કિ. રૂ. ૨૫૦૦, ૩. ગુનાના કામે ઉપયોગમાં લિધેલ મોટર સાઈક્લ નંગ ૦૧, કિ.રૂ.૬૦,૦૦૦, ૪. વાંદરીપાનુ નંગ-૦૧ કિ.રૂ.૧૦૦, ૫. પેચીયા(ડીસમીસ) નંગ-૦૩ કિ.રૂ.૧૨૦, ૬. લોખંડની ટોમી તથા બેટરી નંગ-૦૧ કિ.રૂ.૭૦, કુલ કિ.રૂ.૧,૩૨,૭૯૦

સદર ગુનામા પકડાયેલ આરોપી દ્વારા આ પ્રકારે અન્ય કઈ કઈ જગ્યાએ આ પ્રકારના બીજા ગુનાઓને અંજામ આપેલ છે અથવા અન્ય કોઈ ગંભીર ગુનાઓમા સંડોવાયેલ છે કે કેમ ?.જેઅંગે વધુ ઇન્ટ્રોગેશન હાલમા ચાલુ છે.

## જળ, જંગલ સંપત્તિ પર ખાનગીકરણના દુષપ્રભાવ રોકવા માંડવીમાં રજૂઆત



માંડવી- સંવિધાન સ્વાભિમાન સંસાધન અને રાષ્ટ્રીય સમપ્રભુતા સુરક્ષા અભિયાન સમિતિ દ્વારા આજે જળ જંગલ જમીન અને ખનીજ સંપત્તિ તેમજ જનજીવન પર ખાનગીકરણ અને વિવિધ વિકાસ પ્રકલ્પો દ્વારા થઈ રહેલ દુષ્પ્રભાવને રોકવા માટે રાજયપાલને સંબોધીને લખાયેલા આવેદનપત્રને પ્રાંત અધિકારીને સુપ્રત કરી રજૂઆત કરી હતી.

આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર અમારી જમીનો સંપાદન કરાવી ખાનગી લોકોને આપવામાં આવી રહી છે. કેટલાક વર્ષોથી અમારી પાયાની જરૂરિયાતો શિક્ષણમાં આંગણવાડી,શાળા, કોલેજ, યુનિવર્સિટી વગેરે તથા આરોગ્યમાં સરકારી દવાખાના હોસ્પિટલ પરિવહન રેલ્વે બંદરો વિમાન મથકો બસ સ્ટેશન વગેરેનું ખાનગીકરણ થઈ રહ્યું છે. જેનાથી શારીરિક અને માનસિક આરોગ્ય બગડી રહ્યું છે. આવા સંજોગોમાં અમારે જીવન જીવવું મુશ્કેલ બનતું જાય છે. ત્યારે વ્યારાની આપણી એકમાત્ર જનરલ હોસ્પિટલ અને મંજૂર થયેલ મેડિકલ કોલેજનું ખાનગીકરણ કરવાની પ્રક્રિયા સરકાર ચલાવી રહી છે તેને તુરંત રોકવાની કાર્યવાહી માટેની માંગ સાથે રજૂઆત કરી હતી શિક્ષણનું ખાનગીકરણ અટકાવવા તથા પેશા કાનૂન ૧૯૯૬ તથા એફ આર એ ૨૦૦૬ વન અધિકારતાના અમલવારીમાં ઉદાસીનતા પ્રત્યે પણ નારાજગી વ્યક્ત કરી હતી

દિલ્હી મુંબઈ ઇન્ડસ્ટ્રીયલ કોરીડોર ભારતમાલા રેલવે ફ્રેઇટ કોરિડોર, સ્ટેચ્યુ ઓફ યુનિટી થી સાપુતારા ગ્રીન કોરિડોર અને નેશનલ હાઈવે નંબર ૫૬ પ્રોજેક્ટ બંધ થવા બાબત ઉપરાંત વિવિધ અભ્યારણો ઇકો સેન્સેટિવ ઝોન સોલાર પાવર પ્લાન્ટ તથા દીપડા રેસ્ક્યુ ઝોનને પણ બંધ કરવાની માંગ કરી હતી પાર તાપી નર્મદા, રિવર લીંક યોજના, સ્ટેચ્યુ ઓફ યુનિટી અંબાજી શામળાજી સહિત વિવિધ પ્રવાસધામો તથા વિવિધ ચયભજ્ઞ ટુરિઝમ સેન્ટર બંધ કરાવવા ઉપરાંત આદિવાસી પ્રદેશમાં રહેણાંકની જમીન ફાળવવાની બાબત જેવા વિવિધ પ્રશ્નો બાબતે આયોજનપત્ર આપી રજૂઆતો કરવામાં આવી હતી.

## બોરસરા પાટિયા નજીક બાઇક અને રાહદારી વચ્ચે અથડામણ, બંને ઘાયલ



**બારડોલી-** સુરત જિલ્લાના કીમ-માંડવી માર્ગ પર વધુ એક અકસ્માતની ઘટના સામે આવી છે. માંગરોળ તાલુકાના બોરસરા પાટિયા નજીક બાઇક અને રાહદારી વચ્ચે અકસ્માત સર્જાયો હતો.

ઘટના એ સમયે બની જ્યારે એક રાહદારી રોડ ક્રોસ કરી રહ્યો હતો. બાઇક સાથે અથડામણ થતાં બંને વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી. અકસ્માતની જાણ થતાં આસપાસના લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે એકઠા થયા હતા.

ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે આ સ્ટેટ હાઈવે પર સતત અકસ્માતના બનાવો બની રહ્યા છે, જે ચિંતાનો વિષય બન્યો છે.

## વ્યારા ખાતે ભાજપાનું અતિ આધુનિક શ્રી તાપી કમલમ મધ્યસ્થ કાર્યાલયનું નિર્માણ થશે

### પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલના હસ્તે ખાતમુહૂર્ત કરાયું



વ્યારા: વ્યારા ખાતે ભારતીય જનતા પાર્ટીના મધ્યસ્થ કાર્યાલય શ્રી તાપી કમલમના નવા તૈયાર થનાર અતિ આધુનિક કાર્યાલયનું ભૂમી પૂજન પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલના હસ્તે શનિવારે તા.૧૯ નાં રોજ કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે ગુજરાત પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી, પ્રભારી મંત્રી મુકેશ પટેલ, મંત્રી કુંવરજી હળપતિ, પુર્વ મંત્રી ગણપત વસાવા, જિલ્લા પ્રભારી મધુ કથીરીયા, જીલ્લા ભાજપ પ્રમુખ સુરજ વસાવા, જી.પં. પ્રમુખ જાલમસિંગ, ધારાસભ્યોમાં મોહન કોકણી, સંગીતા પાટીલ, ડો. જયરામ ગામીત, મોહન ઢોડિયા, જીલ્લા ભાજપ મહામંત્રીઓમાં રાકેશ કાચવાલા, સુહાગ પાડવી, ડો.નિલેશ ચૌધરી સહિત વિવિધ સહકારી આગેવાનો, પાર્ટીના વરીષ્ટ આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

જોઈએ છે..! જોઈએ છે..!
ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..
આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો
સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો
http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

॥ શ્રી સદ્ગુરૂ કૃપા ॥
જીતેન્દ્રસિંહ પરમાર
Mo. 97274 10292
94268 10292
શ્રીબાલાજી ડાઈનીંગ હોલ
ગુજરાતી થાળી મળશે.
જમવાનું ૧૩૦/-
પાર્સલ ૧૫૦/-
શુધ્ધ શાકાહારી સ્વાદીષ્ટ ભોજન તથા શુભ પ્રસંગે ડિશ પ્રમાણે ઓર્ડર લેવામાં આવશે.

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી
બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...
આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808

કન્ટ્રકશન ના બાંધકામ માટે સંપર્ક કરો...!!!
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)- SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).